# <u>પ્રેસનોટ</u>

તા. ૨૭-૦૭-૨૦૧૦

સુપ્રિમ કોર્ટની સૂચનાથી સીબીઆઇ દ્વારા કરાતી તપાસમાં માજી ગૃહ રાજ્યમંત્રી અને અન્ય મોટા માથાઓની સંડોવણી બહાર આવી રહી છે ત્યારે, કોંગ્રેસ પક્ષના ઇશારે સીબીઆઇ તપાસ કરી રહેલ છે તેવા ભાજપના જુઠ્ઠાણાનો પર્દાફાશ કરવા અને ન્યાયિક પ્રક્રિયામાં સહકાર આપવાને બદલે કોમી લાગણી ઉશ્કેરીને અશાંતિ સર્જવાની ભાજપની મેલી મુરાદને પ્રજા નિષ્ફળ બનાવે તેવો સંદેશો ફેલાવવાના આશયથી કોંગ્રેસ પક્ષે મહાનગરપાલિકાઓમાં મૌન રેલીઓ કાઢવાનું આયોજન કરેલ છે.

જે અંતર્ગત આજે સુરતમાં વિશાળ મૌન રેલી નીકળી હતી. અમદાવાદમાં બુધવારે બપોરે ૩.૩૦ વાગે નહેરૂ બ્રીજ, ઇન્દુચાચાની પ્રતિમા પાસેથી મૌન રેલી નીકળશે, જે નહેરૂ બ્રીજ થઇને ટાઉનહોલ પહોંચશે. રાજકોટમાં બુધવારે સવારે ૧૧ વાગે કોંગ્રેસ કાર્યાલયથી મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરામાં ગુરૂવારે સાંજે ૪ વાગે ગાંધીનગર ગૃહ પાસે ધરણાંનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જામનગરમાં ગુરૂવારે બપોરે ૧૨ વાગે કોંગ્રેસ કાર્યાલયથી રેલી નીકળી કલેક્ટર કચેરીએ જશે.

(જયંતીલાલ પરમાર)
પ્રવક્તા